સુવિચાર : ઝઘડો જ માંડવો હોય તો માણસ સાથે નહીં પણ, કામ, ક્રોધ અને અદેખાઇ સાથે માંડજો - ચંદ્રકાન્ત બક્ષી




આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૦૩ | ૨૨ જૂન, ૨૦૧૫, સોમવાર ; અધિક અષાઢ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# યોગના રંગે રંગાયુ ગુજરાત





## રાજ્યમાં એક કરોડથી પણ વધુ લોકો યોગ કાર્યક્રમોમાં જોડાયા : અભૂતપૂર્વ ઉત્સાહ : રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજાયો જેમાં મુખ્યમંત્રી અને રાજ્યપાલ યોગમાં જોડાયા : એક લાખથી વધુની હાજરી


અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની આજે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આની તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. આજે યોગ દિવસને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એકી સાથે આશરે દોઢ કરોડ લોકોએ સામૂહિક યોગની ક્રિયા કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. રાજ્યમાં ૪૯૦૦ જગ્યા પર નાના-મોટા યોગના કાર્યક્રમો યોજાયા હતા. રાજ્યનો સૌથી મોટો કાર્યક્રમ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો જેમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં એક લાખથી વધુ લોકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જીએમડીસી ગ્રાઉન્ડ પર રાજ્યપાલ ઓપી કોહલી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને પ્રધાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આનંદીબેને પણ યોગાસનમાં ભાગ લીધો હતો. ગુજરાત સરકાર રાજ્યની તમામ સ્કૂલોમાં પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદીબેન પટેલે આ પ્રસંગે એમ પણ કહ્યું હતું કે, સરકાર યોગને સ્કૂલોના અભ્યાસક્રમમાં દાખલ કરવાના પ્રયાસ કરશે. જીએમડીસી ઉપરાંત કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા તળાવ, સીજી રોડ, ઉપરાંત ૧૧૪ જાહેર બગીચાઓ અને અન્ય સ્થાનો તથા શાળાઓ સહિત ૨૨૮થી વધુ જગ્યાઓ ઉપર યોગ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૭મીથી ૧૪મી જૂન દરમિયાન ૩૯ હજાર માસ્ટર ટ્રેનર્સનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માટે એક હજાર જેટલી બસ અને ૫૦૦-૭૦૦ ખાનગી વાહનો ગોઠવવામાં આવ્યા હતા. પાર્કિંગ માટે ચાર જગ્યાઓએ વ્યવસ્થા કરવામાં આવી હતી. અભૂતપૂર્વ ઉજવણી થઈ હતી. આ તમામ કાર્યક્રમોમાં હાજરી આપનાર લોકોના નામ-સરનામા, ફોન નંબર, ઈ-મેઈલ એડ્રસ નોંધીને એક વિશેષ દસ્તાવેજ ઉભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજયપાલ ઓપી કોહલી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવવાના તમામ પ્રયાસ કર્યા હતા. મહાનગરોમાં જે તે જિલ્લાના ધારાસભ્યો અને મંત્રીઓને જવાબદારી સોંપવામાં આવી હતી. વિશ્વ યોગ દિનની ભેટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છે. સવારે ૬ વાગ્યે શરૂ થયો હતો. કાર્યક્રમ માટે વિવિધ વિસ્તારના લોકોને સંબંધિત સ્થળ પર લઈ આવવા અને લઈ જવા વિશેષ પોઈન્ટ પરથી બસો ઉપાડવાની સ્થાનિક કક્ષાએ તૈયારી કરવામાં આવી હતી.

યોગની ક્રિયા વેળાએ પોતાનો આસાન પટ્ટો, પાણીની બોટલ, નેપકીન અને સુતરાઉ કપડા (શક્ય હોય તો) પહેરીને તમામ લોકો પહોંચ્યા હતા. અચિકર કપડા જેવા કે બરમૂંડા, ટુંકા સ્કર્ટ, ગંજી પ્રકારના પોશાક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. બહેનોએ પંજાબી ડ્રેસમાં યોગ કરવા સૂચના આપવામાં આવી હતી. આ યોગની ક્રિયામાં ભાગ લેનાર લોકોના ડેટાની સંકલન કામગીરી સ્વર્ણીય ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું હતુ. બાયસેગ દ્વારા તમામ યોગ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર યોગ કાર્યક્રમને સફળ બનાવવા માટેરાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક અંદાજ મુકવામાં આવ્યા મુજબ અમદાવાદમાં એક લાખ લોકો યોગમાં જોડાયા હતા. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં એક લાખ લેખે ચાર લાખ લોકો અને ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગરમાં દસ હજાર લેખે ૪૪ હજાર લોકો યોગ કાર્યક્રમમાં જોડાયા હતા. પ્રાથમિક અંદાજ મુજબ ૯૯૧૬૦૬૫ લોકો યોગમાં જોડાયા હતા. રાજ્ય સરકાર દ્વારા વિશેષ ઓનલાઈન નોંધણી કરવામાં આવી છે.

# બફારાએ વરસાદની આતુરતા વધારી



(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા અને પવનની ગતિ ધીમી રહેતા શહેરમાં અસહ્ય બફારો અનુભવાય છે

ગાંધીનગર, તા. ૨૧

છેલ્લા ઘણા મહિનાઓથી અસહ્ય ગરમી અને તડકો સહન કરી રહેલા વસાહતીઓ હવે બફારાના કારણે ત્રાસી ગયા છે. ભેજનું પ્રમાણ વધતા ખુબ બફારો અનુભવાય છે. જેના કારણે વસાહતીઓ અસહ્ય બફારો અનુભવી રહ્યા છે.

ગરમીએ હવે માઝા મુકી છે. મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું છે પરંતુ બફારાના કારણે ગરમી વધુ અનુભવાય છે. આ વર્ષે ઉનાળાના પ્રારંભથી જ સખત ગરમી પડી રહી છે. મે માસમાં તો મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડિગ્રી ઘણા દિવસો સુધી રહ્યુ હતુ. જેના કારણે વસાહતીઓએ ખુબ ગરમી સહન કરી હતી. જૂન મહિનો શરૂ થતા જ ગાંધીનગરાઓ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. વળી છેલ્લા ઘણા દિવસો ભેજનું પ્રમાણ વધતા ખુબ પરસેવો થાય છે. જે સૌને અકળાવી રહ્યો છે. પંખો જરાક બંધ કરો તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. દિવસ દરમ્યાન બહાર નીકળી શકાતુ નથી. જો રાત્રે પણ પવન બંધ હોય તો બફારાથી એકદમ ત્રસ્ત બની જવાય છે. આવા વાતાવરણમાં માત્ર એ.સી. જ કામ આપી રહ્યું છે. જેના કારણે વીજવપરાશ પણ વધ્યો છે. હવે વરસાદ ધમધોકાર પડે તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૮ ટકા અને સાંજે ૫૩ ટકા રહ્યુ હતુ.

# શહેર-જિલ્લામાં નામાંકનનો લક્ષ્યાંક અપૂર્ણ

## જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પણ ૧૨ હજાર વિદ્યાર્થીઓના લક્ષ્યાંક સામે ૧૦ હજારનું નામાંકન થયું : શહેરમાં ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં ૧ હજાર વિદ્યાર્થીઓ સામે ૬૬૫ બાળકોનું નામાંકન થયુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં પ્રવેશોત્સવના બન્ને તબક્કાને અંતે ૧૦૦ ટકા નામાંકનની સિદ્ધિ તંત્રને મળી શકી નથી. ગાંધીનગર શહેરમાં પ્રવેશોત્સવને સૌથી નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. ત્રિદિવસીય પ્રવેશોત્સવને અંતે માત્ર ૬૬૫ બાળકોનું નામાંકન થયું છે.

ગાંધીનગર શહેરમાં યોજાયેલ ત્રિદિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન ૩૩૮ કુમાર અને ૩૨૭ કન્યાઓનું નામાંકન થયું છે. જ્યારે ૧૨ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ વિતરણ કરાયા છે.

ગુણોત્સવના નબળા પરિણામોને પગલે તેમજ શહેરી વિસ્તારોમાં શિક્ષકોની ઘટને લઈ વાલીઓએ સરકારી પ્રા. શાળાઓથી મ્હોં ફેરવવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત જે રીતે શિક્ષણના સાર્વત્રિકરણના નેજા હેઠળ ખાનગીકરણને ઉત્તેજન અપાઈ રહ્યું છે તે પણ એક જવાબદાર કારણ હોવાનું વાલીઓ કહી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ હજાર વિદ્યાર્થીઓના સર્વેની સામે માત્ર ૧૦ હજાર વિદ્યાર્થીઓનું નામાંકન થયું તો શહેરમાં ૧ હજારના સર્વેની સામે માત્ર ૬૬૫ બાળકોનું નામાંકન થયું છે જે તંત્રની નિષ્ફળતા સૂચવે છે.

છેલ્લા પાંચ વર્ષથી જિલ્લામાં ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે.

જિલ્લાના ગુણોત્સવના પરિણામો પહેલા ગુણવત્તાસભર શિક્ષણની વાતો જે રીતે કરવામાં આવી હતી તે સમગ્ર વાતો ફાઈલોમાં અટવાઈ જવા પામી છે. શિક્ષણ સુધારણા અભિયાનની વાતોનો પણ તેમાં સમાવેશ થાય છે.

શહેરમાં ધો. ૯માં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા પ્રાપ્ત થઈ શકી નથી. એક ઉચ્ચ અધિકારીએ તો ધો. ૯માં પ્રવેશ મેળવનાર બાળકોની અનુપસ્થિતિને લઈ ચાલુ કાર્યક્રમે જ સવાલ ઉભા કર્યા હતા.

શહેરી વિસ્તારમાં મળેલા નબળા પ્રતિસાદને બાદ હવે તંત્ર દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ માટે શું સુધાર લવાય છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

### સેક્ટર-૨૭ના ૧૯ બાળકો ૩ કિ.મી.નું અંતર કાપી ભણવા શાળાએ પહોંચે છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરની સે. ૨૭ની પ્રા. શાળાના ૧૯ બાળકો ત્રણ કિ.મી. કરતાં વધુ અંતરેથી આવતા હોવાથી તેમને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં હવે ૫૧ શાળાઓને બાળકો લાવવા લઈ જવા માટે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ આ વખતે પ્રવેશોત્સવ દરમ્યાન મળી છે.

ગાંધીનગર શહેરમાં જ બાળકોને ૩ કિ.મી.નું અંતર પ્રા. શાળામાં ભણવા માટે અંતર કાપવું પડે છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં આવી શાળાઓ વધતી જાય છે.

# ગાંધીનગર-અમદાવાદ ફોરલેન સર્વિસ રોડમાં કેનાલના બ્રિજનું કામ અટવાશે

## ટુરિઝમ વિકસાવવા ફાળવેલી કેનાલ વિસ્તારની જમીન વિવાદમાં

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાની કાર્યયોજના અન્વયે પ્રાથમિક તબક્કે સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે.જયારે સર્વિસ માર્ગના રૂટમાં આવતા નર્મદા કેનાલના બ્રિજની બાજુમાં કનાલ પર બંન્ને બાજુ પુલને ટુ લેન કરવાનું કામ હાલ થઈ શકે તેમ ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.નર્મદા વિભાગે ટુરિઝમ વિકસાવવા અગાઉ ફાળવેલી જગ્યામાં કાંઈ થયું ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.ત્યારે જગ્યાના વિવાદને અનુલક્ષી કેનાલના બ્રિજને સર્વિસ રોડની નવી પેટર્ન મુજબ બે સાઈડથી ટુ લેન કરવાનું કામ અટવાશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાની યોજનાને સાકાર થતા હજુ વર્ષો વીતી જાય તેમ છે. જયારે કોરીડોરને અનુલક્ષી પ્રાથમિક તબક્કામાં સર્વિસ રોડને ફોરલેન કરવાના કામને મંજુરી આપી દેવાઈ છે.કરોડોના ખર્ચે કોબાથી ઈન્દિરાબ્રિજ સુધીના માર્ગ પરના સર્વિસ રોડને ફોરલેન કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.અલબત્ત આગામી દિવસોમાં આ કામગીરી શરૂ પણ કરી દેવાશે.આ દરમિયાન રૂટમાં આવતા નર્મદાના

# શહેરના રહેણાંક વિસ્તારમાં નીલગાયની અવરજવર ચિંતાજનક

## સેકટર-૧, સેકટર-૮ અને સેકટર-૨ના વિસ્તારોમાં રાત્રીના સમયે નીલગાયના ટોળાં જોવા મળે છે : અકસ્માતનો ભય

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની નજીક ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન હોઈ નીલગાય, મોર, હરણાં, વાંદરા જેવા પ્રાણીઓ-પક્ષીઓની અવરજવર શહેરમાં ઘણીવાર જોવા મળે છે. નીલગાય જેવા મજબુત જંગલી પ્રાણીની અવરજવર પ્રકૃતિ ઉદ્યાનની નજીકના વિસ્તારોમાં વધી ગઈ હોવાથી વસાહતીઓ તેનાથી ભયભીત બન્યા છે. રહેણાંક વિસ્તારમાં નીલગાયની અવરજવર પ્રતિબંધિત થાય તેવા પગલાં લેવા વસાહતીઓએ માંગ કરી છે.



ગાંધીનગરની સ્થાપના ખેતર અને વગડો હોય તેવા વિસ્તારમાં થઈ છે. આજે શહેર સંપૂર્ણપણે વિકસી ચુકયું છે. તેમ છતાં હજુ શહેરમાં વાંદરા, મોર, નીલગાય અને હરણાં જેવા પ્રાણીઓ-પક્ષીઓની અવરજવર જોવા મળી જાય છે. પ્રકૃતિના સંરક્ષણ અને વિકાસ માટે શહેરના પ્રવેશ દ્વાર પાસે જ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ખુબ મોટી સંખ્યામાં નીલગાય, વાંદરા અને મોર પ્રાકૃતિક વાતાવરણમાં વિહાર કરે છે. તેમની સંખ્યા દર વર્ષે વધતી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગર શહેરના ૧ થી ૩૦ સેક્ટર માટે
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬